"DFA"

# ભાવનગર મહાનગરપાલિકા - ભાવનગર

ટેક્સ કલેકશન વિભાગ, મહાનગર સેવા સદન, સર મંગળસિંહજી રોડ,
ભાવનગર, ઈ-મેઈલ : taxdept.bmc@gmail.com

## જાહેર નોટિસ

આથી જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, ભાવનગર શહેર હદ વિસ્તારમાં વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર સાથે સંકળાયેલ વ્યક્તિઓએ વર્ષ ૨૦૨૪-૨૫ નો વ્યવસાય વેરો ભરપાઈ કરવા તેમજ વ્યવસાય વેરાને પાત્ર જે વ્યક્તિઓએ તેઓનું રજીસ્ટ્રેશન/ નોંધણી મહાનગર પાલિકા ખાતે કરાયેલ નથી તેઓએ તાત્કાલિક નોંધણી કરાવી એનરોલમેન્ટ/ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ મેળવી લઈ દંડનીય કાર્યવાહીથી બચવા મહાનગર પાલિકા દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવે છે.

### -:: ઈ.સી. (એનરોલમેન્ટ સર્ટીફીકેટ) ::-

| ક્રમ | વ્યક્તિઓનો વર્ગ | વેરાનો વાર્ષિક દર(રૂ.માં) |
|---|---|---|
| ૧ | તમામ સોલીસીટરો, નોટરી પબ્લીક સહિત કાયદા વ્યવસાયીઓ (એડવોકેટ), તબીબી સલાહકારો(કન્સલ્ટન્ટો), આર્કિટેક્ટો, એન્જિનિયરો, કન્સલ્ટન્ટો,ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો, ઈન્સ્યોરન્સ એજન્ટો, કમિશન એજન્ટો, દલાલો, બ્રોકરો, સર્વેયરો, કોન્ટ્રાક્ટરો, ટૂર ઓપરેટર્સ, ટ્રાવેલ એજન્ટો, કેબલ ટી.વી. ઓપરેટર્સ, ફિલ્મ વિતરકો, શેર બ્રોકરો, વિજ્ઞાપન એજન્સી, ટ્યુશન ક્લાસીસ અથવા ટ્યુટોરીયલ ઈન્સ્ટીટ્યુશન્સ, ડ્રાઈવિંગ સ્કૂલો, મેરેજ હોલ, પાર્ટી પ્લોટસ, આંગડિયા અથવા કુરિયર સેવા પૂરી પાડનારા, હેલ્થ ક્લબો, મનોરંજન ક્લબો, ઓઈલ પમ્પો, સર્વિસ સ્ટેશનો,, નિવાસી હોટલો, થિયેટરો, ટ્રાન્સપોર્ટસ, વિડિયો પાર્લર્સ, લાયબ્રેરીના માલિકો, નાણાં ધીરધાર કરનારાઓ, વ્યવસાય/ધંધામાં રોકાયેલ સહકારી મંડળીઓ, પબ્લીક લિમિટેડ અથવા પ્રાઈવેટ લિમિટેડ કંપનીઓ, ફેક્ટરીના માલિકો, ભાગીદારી પેઢીઓ વગેરે તેમજ નાણાં વિભાગના તા. ૧-૪-૨૦૦૮ના જાહેરનામામાં દર્શાવેલ વ્યવસાયકર્તાઓ. | ૨૦૦૦/- |
| ૨ | ગુજરત જી.એસ.ટી. અધિનિયમ, ૨૦૧૭માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેના વેપારીઓ, જેમના તમામ વેચાણો અથવા તમામ ખરીદીઓનું કુલ વાર્ષિક ટર્નઓવર- | |
| | (ક) રૂા.૨,૪૯,૯૯૯/- સુધી | શૂન્ય |
| | (ખ) રૂા.૨,૫૦,૦૦૦/-કે તેથી વધુ | ૨૫૦૦/- |

### -:: આર.સી. (એનરોલમેન્ટ સર્ટીફીકેટ) ::-

| વ્યક્તિઓનો વર્ગ | વેરાનો વાર્ષિક દર(રૂ.માં) |
|---|---|
| રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, પંચાયતો, ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના પગારદારો, વેતનદારો, કર્મચારીઓ જેનો માસિક પગાર અથવા વેતન - | |
| (ક) રૂા.૦/-થી રૂા. ૧૧,૯૯૯/-સુધી | શૂન્ય |
| (ખ) રૂા. ૧૨,૦૦૦/- કે તેથી વધુ | ૨૦૦/- |

વ્યવસાય વેરો મહાનગર પાલિકાની મુખ્ય કચેરી ખાતે તેમજ મહાનગર પાલિકાની વેબસાઈટ bmcgujarat.com પર ઓન લાઈન પણ ભરી શકાશે.

Athed 2/4/24
TCS

મ્યુનિસિપલ કમિશનર
મહાનગરપાલિકા ભાવનગર